ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સે-૨૧ ઓટોમોબાઈલ માર્કેટની બાજુમાં ખુલ્લો પ્લોટ ડમ્પીંગ સાઈટ બન્યો

કચરાના ઢગ વચ્ચે મુલાકાતીઓ જાહેરમાં લઘુશંકા કરે છે : બે દિવસથી મરેલા કૂતરાંનો મૃતદેહ ફેંકાતા અસહ્ય દુર્ગંધ સાથે રોગચાળો ફેલાવાનો ભય

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે-૨૧ના ધમધમતા કોમર્શિયલ વિસ્તારમાં ખુલ્લો પ્લોટ ડમ્પીંગ સાઈટમાં ફેરવાઈ ગયો છે. મનપા દ્વારા આ ખુલ્લા પ્લોટમાં મોટી કચરાપેટી મુકવામાં આવેલી હોવા છતાં તેની આસપાસમાં ગંદકીના ઢગ ખડાકાયા છે અને કૂતરાં જેવા પ્રાણીઓના મૃતદેહ સુધ્ધાં ફેંકવામાં આવી રહ્યા છે. જેના લીધે રોગચાળો ફેલાવાનો પણ ભય રહેલો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સે-૨૧ના કલ્પતરૂ પેટ્રોલપંપ સામે ઓટોમોબાઈલ માર્કેટ આવેલું છે. આ ઓટોમોબાઈલ માર્કેટની બરાબર બાજુમાં હનુમાનજીના મંદિરની પાછળનો ખુલ્લો પ્લોટ ગંદકીથી ખદબદી રહ્યો છે. અહીં આસપાસના કોમર્શિયલ માર્કેટમાં આવતા મુલાકાતીઓ માટે જાહેરમાં મુત્ર ત્યાગ માટેનું પણ સ્થળ બની જવા પામ્યું છે. મહાનગર પાલિકા દ્વારા અહીં મોટી કચરાપેટી મુકવામાં આવેલી છે પરંતુ તે માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહેવા પામી છે. અસહ્ય દુર્ગંધ અને કચરાના ઢગથી ખદબદતા આ પ્લોટમાં છેલ્લા બે દિવસથી એક કૂતરાંનો મૃતદેહ પણ ફેંકવામાં આવ્યો છે. જેના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ બની જવા પામી છે. દિનપ્રતિદિન સડી રહેલા કૂતરાંના મૃતદેહને કારણે રોગચાળો ફેલાવાનો પણ ભય સેવાઈ રહ્યો છે.

દિવસ દરમિયાન હજારો મુલાકાતીઓની અવર જવર ધરાવતા આ ભરચક વિસ્તારની નજીકમાં જ ચાની કીટલીઓ અને ખાણીપીણીની લારીઓ આવલી છે. ગંદકીમાં પેદા થયેલા રોગજન્ય જીવાણુઓ ખાધા ખોરાકીની ચીજવસ્તુઓમાં ભળી નાગરિકોને રોગના ભોગ બનાવે તે પહેલા સત્વરે મહાનગર પાલિકાના સફાઈ તંત્ર અને આરોગ્ય તંત્રએ યોગ્ય સફાઈ કરી ફરી આ પરિસ્થિતિ પેદા ના થાય તેવી વ્યવસ્થા કરવા આ વિસ્તારના વેપારીઓ અને રહીશોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

શહેરમાં ટ્રાફીક નિયમન માટે પોલીસનો સપાટો

ફેન્સી નંબર પ્લેટ, વાહનો પર ચિતરામણ, હેલ્મેટ-સીટ બેલ્ટ, આડેધડ પાર્કીંગ કરતા વાહનચાલકોને સ્થળ પર દંડ ફટકાર્યો : લાયસન્સ વગર ફરતાં વાહનચાલકોના વાહનો ડીટેઈન : સેક્ટર-૧૧માં આડેધડ પાર્કીંગ પર તવાઈ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સે. ૧૧ વાણિજ્ય સંકુલ બહારના સર્વીસ રોડ પર આડેધડ પાર્કીંગને કારણે ટ્રાફીકની ભયંકર સમસ્યાઓ સર્જાય છે. જેને પગલે આજે એએસપી કરણરાજ વાઘેલા તેમની ટીમ સાથે બપોરથી સ્થળ પર પહોંચી ગયા હતા અને આડેધડ પાર્ક કરનાર વાહનચાલકોને સ્થળ પર દંડ ફટકારી ટ્રાફીક ક્લીયર કર્યો હતો. ગઈ સાંજે ઘ-૪ સર્કલ પાસે આવતા-જતા તમામ વાહનો ચેક કરી ફેન્સી નંબર પ્લેટ કે વાહન પર કોઈ લખાણ અથવા ડાર્ક ફિલ્મ દેખાય તો દંડ કરી સખત કાર્યવાહી કરી હતી. બે દિવસમાં શહેરના ટ્રાફીક પર કરણરાજ વાઘેલાએ સપાટો બોલાવી દીધો છે.

શહેરમાં ટ્રાફીકની સમસ્યા ધીરે ધીરે મોટુ સ્વરૂપ ધારણ કરી રહી છે. ગંભીર બાબત તો એ છે કે શહેરમાં પહોળા જાહેર માર્ગો હોવા છતાં ટ્રાફીકની વકરતી સ્થિતિનું કારણ ટ્રાફીક નિયમનનો અભાવ તથા વાહનચાલકોમાં ટ્રાફીક સેન્સનો અભાવ છે. ટ્રાફીક નિયમન યોગ્ય કરવા ઉપરી કક્ષાએથી સંબંધીત પોલીસને સુચનાઓ આપી દેવાઈ છે અને વાહનચાલકોમાં ટ્રાફીક અવેરનેસ માટે પણ પોલીસે જનજાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. ટ્રાફીકની સમસ્યાના ઉકેલ માટે તથા ટ્રાફીકના નિયમોનું પાલન કરાવવા માટે ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલાએ બે દિવસથી ઝુંબેશ શરૂ કરી છે. ગઈકાલે ઘ-૪ સર્કલ પાસેથી પસાર થતા સંખ્યાબંધ વાહનો ઉભા રખાવી જેને ટ્રાફીકના નિયમોનું પાલન કર્યુ ન હતુ તેને સ્થળ દંડની પાવતી પકડાવી દંડનીય કાર્યવાહી કરી હતી. જ્યારે આજે આડેધડ રસ્તા વચ્ચે પાર્કીંગ કરીને ટ્રાફિકની સમસ્યા નોંતરતા વાહનચાલકો પર સપાટો બોલાવ્યો હતો. સે. ૧૧માં બપોરથી સાંજ સુધીમાં તમામ આડેધડ પાર્કીંગ કરનાર વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યા હતા.

ચાર સરકારી શાળાઓ કડી કેમ્પસે સંભાળી લીધી

ચાર શાળાઓના કુલ ૭૬૬ વિદ્યાર્થીઓ માટે વધુ ૧૧ શિક્ષકોની મંડળે ફાળવણી કરી : ઉત્તમ વહીવટ માટે ૪ કો-ઓર્ડિનેટર્સની નિમણૂંક કરાઈ : બાકીની ૨ શાળાઓને મર્જ કરવા દરખાસ્ત : મર્જ કરવાની પરવાનગી મળશે તો બાળકોને મફત બસ પરિવહનની સુવિધા અપાશે : વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ પર ધ્યાન અપાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની ૬ માધ્યમિક શાળાઓને શિક્ષણ સુધારણા હેતુસર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને પ્રયોગાત્મક ધોરણે ટોકન દરે ચલાવવા સોંપવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો હતો તે અંતર્ગત નવા શૈક્ષણિક સત્રથી મંડળ દ્વારા ૪ શાળાઓનો વહીવટ હસ્તગત કરી લેવાયો છે. આ ૪ શાળાઓના કુલ ૭૬૬ વિદ્યાર્થીઓનું નામાંકન કરવામાં આવ્યું છે અને તેમાં શિક્ષકોની ઘટને પુરવા મંડળ દ્વારા ૧૧ શિક્ષકોની ફાળવણી કરવામાં આવી છે. કેળવણી મંડળ દ્વારા વધુ ૨ શાળાઓને આ ચાર શાળામાં જ મર્જ કરી દેવાની દરખાસ્ત પણ સરકાર સમક્ષ મુકવામાં આવી છે. જેમાં દરખાસ્ત સ્વીકારાય તો બંને શાળાના વિદ્યાર્થીઓ માટે મફત પરિવહનની જવાબદારી સ્વીકારવાની ઓફર પણ મંડળ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યમાં શિક્ષણના કથળતા જતા સ્તરને સુધારવાના હેતુસર સરકાર દ્વારા પ્રથમ પગલારૂપે પાટનગર ગાંધીનગરની ૬ શાળાઓને ખાનગીકરણ માટે પ્રતિષ્ઠિત કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને માત્ર રૂપિયા ૧ ના ટોકન દરે ૩૦ વર્ષ માટે સોંપવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય અંતર્ગત નવા શૈક્ષણિક સત્રથી ૪ શાળાઓનો વહીવટ હસ્તગત કરી શૈક્ષણિક પ્રક્રિયા આરંભી દેવાઈ છે. આ ચાર શાળાઓમાં સે. ૭ની પ્રાથમિક શાળા, સે. ૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલય, સે. ૧૨ વિવેકાનંદ વિદ્યાવિહાર અને પાલજ સરકારી શાળાનો સમાવેશ થાય છે. સે. ૭ની શાળાના ૩૫૬ બાળકો, સે. ૧૬ની શાળાના ૧૮૨ બાળકો, સે. ૧૨ની શાળાના ૧૬૮ બાળકો અને પાલજના ૬૦ બાળકો મળીને કુલ ૭૬૬ વિદ્યાર્થીઓ માટે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પાર્ટ અને ફુલટાઈમ મળીને વધુ ૧૧ શિક્ષકો ફાળવવામાં પણ આવી દેવાયા છે. આ ઉપરાંત મંડળની અન્ય શાળાઓના નિવૃત્ત આચાર્યોને કો-ઓર્ડિનેટર તરીકે નિમણૂંક આપવામાંઆવી છે. આ અંતર્ગત સે. ૭માં કાંતિભાઈ સાહેબની, સે. ૧૬માં આર.જે. વ્યાસ, સે. ૧૨ માટે કૌશલ્યાબેન પરીખ અને પાલજ માટે ડૉ. સોમભાઈ પટેલની કો-ઓર્ડિનેટરની નિમણૂંક કરવામાં આવી છે.

આ ઉપરાંત તમામ શાળાઓના બાળકો માટે મંડળ દ્વારા અભ્યાસક્રમ સાથે સ્કીલ ડેવલપમેન્ટ થાય તે હેતુથી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર પણ ચલાવવામાં આવશે. જેમાં ક્રાફ્ટ, કોમ્પ્યુટર ઓપરેટીંગ જેવી વિવિધ તાલીમ આપવામાં આવશે. ૬માંથી બાકી રહેલી અન્ય ૨ શાળાઓમાં સે. ૨૨ અને સે. ૨૭ની શાળાને આ ચાર શાળામાં મર્જ કરવાની મંડળ દ્વારા ઉચ્ચસ્તરે દરખાસ્ત કરાઈ છે. જો આ દરખાસ્ત સ્વિકારવામાં આવશે તો મંડળ દ્વારા બંને શાળાના બાળકોને મર્જ કરાયેલી શાળામાં લાવવા લઈ જવા માટે બસ પરિવહનની સેવા નિઃશુલ્ક પુરી પાડવાની જવાબદારી ઉઠાવવામાં આવશે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા રાજ્ય સરકારે સોંપેલ જવાબદારીને સુપેરે પાર પાડી તમામ શાળાઓમાં શિક્ષણના સ્તરને ઊંચુ લાવવા સઘન પ્રયત્નો હાથ ધરાયા છે.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ વાવણીનો શુભારંભ કર્યો

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં ચોમાસુ સમયસર શરૂ થવાના અણસારને પગલે કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ વાવણી કાર્યના શ્રીગણેશ કર્યા છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અશોબા વાવાઝોડા બાદ કરેલ અને મહારાષ્ટ્રમાં ચોમાસાએ શ્રીગણેશ કરતાં ગુજરાતમાં પણ ચોમાસુ સમયસર શરૂ થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ રાજ્યના કેટલાક વિસ્તારોમાં પ્રી મોન્સુનમાં વાવણીલાયક વરસાદ થતાં સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ મગફળી અને કપાસ જેવા પાકોનું વાવણી કાર્ય શરૂ કરી દીધુ છે.

આજે દિવસ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના ભેસાણ અને વિસાવદર

● અનુસંધાન પાન-૭ પર

દબાણ હટાવ અભિયાન - શહેરમાં આજકાલ દબાણ હટાવ અભિયાન જોરશોરથી ચાલે છે... સેક્ટર-૧૫ ખ-પથી ઘ-પની બંને બાજુના દબાણો હટાવી ફેન્સીંગ કરી દેવામાં આવી છે... દર વખતે દબાણ હટાવવા તંત્ર પહોંચે અને હટાવીને પરત ફરે તુરત જ સ્થિતિ યથાવત બની જતી હતી... આ સંજોગોને રોકવા તંત્ર દ્વારા દબાણ હટાવી તુરત જ વાયર ફેન્સીંગ કરી દેવાયું છે જેથી પુનઃ દબાણ થાય નહી... તંત્રનો આ પ્રયોગ સમગ્ર શહેરમાં લાગુ થાય તેવી વિચારણા ચાલી રહી છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

ધો. ૧૦ના નીચા પરિણામના પગલે ધો-૧૧નાં વર્ગો બંધ થવાના સંકેતો

વિદ્યાર્થીઓમાં ડિપ્લોમાં અને કોમર્સનો ક્રેઝ વધ્યો : ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ ખૂબ નીચું રહેતા અને ૪.૫ લાખ વિદ્યાર્થી નાપાસ થતાં હાલત કફોડી બની છે

ગાંધીનગર, તા.૧૧

ચાલુ વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ ખુબ નીચુ રહેવા પામ્યુ હતું. રાજયમાં ૪.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જેના કારણે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની શાળાઓને વિદ્યાર્થીઓ મેળવવામાં તકલીફ પડી રહી છે. તેમાંય ચાલુ વર્ષે ધોરણ-૧૦ પછી વિદ્યાર્થીઓમાં ડિપ્લોમાં અને કોમર્સમાં પ્રવેશ લેવાનો ક્રેજ વધતા વિજ્ઞાન પ્રવાહની ખાનગી શાળાઓને પોતાના વર્ગો બંધ કરવા પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ચાલુ વર્ષે ધોરણ-૧૦નું પરિણામ ૫૪ ટકા જેટલું નીચુ જવા પામ્યુ હતું. એટલે કે અડધોઅડધ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા.

જેનાં પગલે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં ખાનગી વર્ગોનું સંચાલન કરતી શાળાઓની હાલત કફોડી થઈ જવા પામી છે ધોરણ-૧૦નાં નીચા પરિણામને કારણે ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓને જ પુરતા વિદ્યાર્થીઓ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાનગી શાળાઓની સ્થિતીતો વધારે કફોડી બનવા પામી છે. આવી શાળાઓએ પુરતા વિદ્યાર્થીઓનાં અભાવે વર્ગો બંધ કરવા પડે તેવી સ્થિતી સર્જાઈ છે. આ સાથે જ જો વિજ્ઞાન પ્રવાહનાં વર્ગો બંધ કરવામાં આવશે તો મોટી માત્રામાં શિક્ષકો પણ ફાજલ પડે તેવી શકયતા સર્જાઈ છે. ચાલુ વર્ષે ધોરણ-૧૦માં ૩૦ ટકાથી નીચુ પરિણામ મેળવનારી શાળાઓની સ્થિતીતો વધુ કફોડી બનવા પામી છે.

શરતભંગના કિસ્સામાં મનપાએ જવાબ માટે મુદત માંગી

રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિ કેટલા સ્થળે થાય છે તેનો રિપોર્ટ તૈયાર થયો નથી : નોટીસો આપવાની કામગીરી હજુ ચાલુ : બે દિવસ બાદ હાઈકોર્ટ મુદતની તારીખ આપશે

ગાંધીનગર, તા. ૧૧

પાટનગરમાં સરકારે ફાળવેલા રહેણાંક હેતુના પ્લોટોમાં કોમર્શીયલ બાંધકામો થઈ ગયા બાદ કોમર્શીયલ પ્રવૃત્તિઓ ફુલીફાલી છે. આ અંગે હાઈકોર્ટમાં થયેલી જાહેર હીતની અરજી બાદ ગાંધીનગર તંત્ર સફાળુ જાગ્યુ અને ૧૫૦૦ થી વધુ શરતભંગ એકમોને નોટીસો પાઠવી દીધી છે. આજે કોર્પોરેશને હાઈકોર્ટના આદેશ મુજબ રીપોર્ટ રજુ કરવાનો હતો પરંતુ કામગીરી હજુ ચાલુ હોવાથી કોર્પોરેશને મુદત માંગી છે. હાઈકોર્ટ બેદિવસ બાદ રીપોર્ટ રજુ કરવા માટેની મુદત આપશે.

વિવિધ સેક્ટરોમાં રહેણાંક હેતુના પ્લોટોમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલતી હોવાથી આ અંગે હાઈકોર્ટમાં પી.આઈ.એલ. થવા પામી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ કલેક્ટર તંત્ર અને કોર્પોરેશન તંત્રને હાઈકોર્ટે ૧૧ જૂન સુધી રિપોર્ટ રજુ કરવા આદેશ કર્યો હતો. હેતુફેરના ૧૫૦૦ જેટલા એકમોને તંત્રએ નોટીસ પાઠવી દીધી છે. પરંતુ હજુ રીપોર્ટ તૈયાર થઈ શક્યો ન હોવાથી તથા નોટીસો આપવાની કામગીરી પણ ચાલુ હોવાથી કોર્પોરેશને આજે હાઈકોર્ટમાં મુદતની માંગણી કરી છે. કોર્પોરેશને મુદત માંગવા કરેલી રજુઆતને પગલે હાઈકોર્ટે બે દિવસ બાદ રિપોર્ટ રજુ કરવાની નવી મુદત આપવાનો નિર્ણય લીધો છે. હવે જોવું રહ્યું કે તંત્ર કેટલા સમયમાં આ રીપોર્ટ તૈયાર કરી શકે છે અને હેતુફેર થયેલા પ્લોટોને કેટલા સમયમાં મુળ સ્થિતિમાં લાવી શકે છે..!

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com